રજુ તારીખ : ૧૫/૦૬/૨૦૨૪
દાખલ તારીખ : ૧૫/૦૬/૨૦૨૪
ફેસલ તારીખ : ૦૧/૦૫/૨૦૨૬
સમયગાળો : ૦૧ વર્ષ ૧૦ માસ ૧૬ દિવસ

## ભાણવડના મહે. પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભાણવડ

**રે.દિવાની મુકદમા નંબર : ૪૮/૨૦૨૪**

**આંક :**

વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
મારફતે :– નાયબ ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,
બગવદર સબ ડીવીઝન,
મું.બગવદર, તા.પોરબંદર, જી.પોરબંદર.

વિરૂધ્ધ

પ્રતિવાદી : ગુજરનાર લખમણભાઈ કારાભાઈ શામળાના વારસ
અરજણભાઈ લખમણભાઈ શામળા,
ઉવ.આ.પુખ્ત, ધંધો.ખેતી,
રે.રબારી કેડા વિસ્તાર, દુધાળા,
તા.ભાણવડ, જી.દેવભુમી–દવારકા.

દાવો : વિજ વપરાશની બાકી નીકળતી લેણી રકમ રૂ.પ૬,૪૮૯–૬૯ પૈસા વસુલ મળવા બાબત...

..........................................................................................

| | |
|---|---|
| વાદી તરફે વિ.વ.શ્રી | : એમ.ટી.નાણાવટી |
| પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી | : એક તરફી |

..........................................................................................

**જજમેન્ટ**

**(૧)** આ કામના વાદી કાયદાથી રચાયેલ સંસ્થા છે અને પોતાના નિયમો ઘડી પશ્ચિમ ગુજરાતમાં વીજળી વિસ્તરણ અને વિતરણની સેવાઓ આપે છે. વાદી સંસ્થા વિજળી બીલ માટે ચોકકસ ટેરીફ (ભાવ) ધરાવે છે અને કાયદેસરના ગ્રાહકો જે વીજળી વાપરે તે વિજ પ્રવાહ એનર્જી

મીટરમાં થઈને જે તે ગ્રાહકના વપરાશમાં જાય છે. આ કામના પ્રતિવાદીનાં ગુજરનાર પિતા લખમણ કારા શામળા દુધાળા ગામના રહીશ હતા અને દુધાળા ગામે પોતાની માલીકીનાં રહેણાંક મકાન ધરાવતા હતા જે હાલ પ્રતિવાદી માલીકની રૂએ ભોગવે છે. આ કામના પ્રતિવાદી ગ્રાહક નંબર ૩૫૭૧૦/૦૦૧૮૫/૬ થી રહેણાંક હેતુ માટે વીજ જોડાણ ધરાવતા હતા.

(૨) આ કામના વાદી સંસ્થા દ્વારા આ કામના પ્રતિવાદીને તેઓના વીજ વપરાશના બીલ વખતો વખત મોકલવા છતાં આ કામના પ્રતિવાદી બીલના નાણાં ભરપાઈ કરવામાં અતિશય બેદરકાર રહેલા હોય, તેઓનું વીજ જોડાણ તા. ૨૪/૦૯/૨૦૨૧ ના રોજ કાપી નાંખવામાં આવેલ હતું. તા.૨૪/૦૯/૨૦૨૧ ના રોજ લખમણભાઈની રૂબરૂમાં મીટર રોજકામ કરી ઉતારી લીધેલ. સદર વીજ વપરાશના તે સમયે રૂા.૫,૯૦૦/– બાકી લેણા હતા અને રીડીંગ ૧૨૩૮ યુનીટનું હતુ પરંતુ બીલીંગ શાખા તરફથી આ વીજ જોડાણનું 'વાચ' સ્ટેશનમાં મુકવામાં આવેલ અને આ મીટર કાયમી ડીસકનેકટ થતા મીટર નં.૨૦૧૩૭૪૪ ને લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલતા છેલ્લુ રીડીંગ ૭૨૭૭ માલુમ પડેલ. જયારે લેઝરમાં ૧૨૩૮ યુનીટ ચડેલા હોય ૬૦૩૯ યુનીટનુ પુરવણી બીલ રૂા.૪૩,૩૪૧–૦૯ પૈસા પ્રતિવાદી ઉપર બીલના ચડેલ. પ્રતિવાદીનું વીજ જોડાણ કાપી નાખ્યા બાદ લેબોરેટટરીના અહેવાલ બાદ રૂા.૪૩,૩૪૧–૦૯ પૈસા વાદીના બાકી લેણા પ્રતિવાદી પાસેથી ઉભા છે. પ્રતિવાદીને વીજ બીલની બાકી નીકળતી રકમ તથા વ્યાજ મળીને કુલ રૂા.૫૬,૧૭૩–૬૯ પૈસા ભરપાઈ કરવા તથા વીજ જોડાણ ફરી ચાલુ કરાવવા રૂા.૦૧/૦૭/૨૦૨૨ ના પત્ર લખી લીગલ કાર્યવાહી કરવા નોટીસ આપેલ જેનો પ્રતિવાદી પક્ષે કોઈ જવાબ આપેલ નથી. આમ, આ કામના પ્રતિવાદી સામે તેઓને કાયદેસરની લેણી રકમ બાકી પડે છે. જે રકમ વસુલાત ન આપતા હાલનો દાવો કરવાની તેઓને ફરજ પડી હોવાની હકીકત જણાવી તેઓએ તેમના દાવા અરજીના પેરા નં. ૭ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદી તા.૧૫/૦૭/૨૦૨૪ ના રોજ હાજર રહેલ હોય અને ત્યારબાદ હાજર રહેતા ન હોય. આમ, પ્રતિવાદી પોતાની સામે કેસ હોવાનું જાણતા હોવા છતા હાજર રહેતા ન હોય તેથી સદર કામે પ્રતિવાદીનો જવાબનો હકક બંધ કરી કામ એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આધારે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| SR.NO | ISSUES |
|---|---|
| 1. | શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી ગ્રાહક નં.૩૫૭૧૦/૦૦૧૮૫/૬ વાળુ રહેણાંક હેતુ માટે વીજ કનેકશન ધરાવતા હતા ? |
| 2. | શું વાદી પુરવાર કરે છે કે, વાદી કંપની દવારા વીજ વપરાશ અન્વયે ગણતરી કરી બીલ પ્રતિવાદીને આપેલ હતુ, જે બીલ ભરવામાં આ કામના પ્રતિવાદીએ કસુર કરેલી છે ? |

| | |
|---|---|
| 3 | શું વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકક દાર છે ? |
| 4 | શું વાદી તેઓની દાવા અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| 5 | શું હુકમ અને હુકમનામું ? |

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી તથા લેખિત જવાબ સાથે ઘ્યાને લેતા ઉપરોકત મુદદાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

| SR.NO. | **FINDINGS** |
|---|---|
| 1. | હકારમાં |
| 2. | હકારમાં |
| 3. | અંશત: હકારમા, ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત |
| 4. | અંશત: હકારમાં |
| 5. | આખરી હુકમ મુજબ |

(૬) દાવાના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

**(અ) વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા**

| અ.ન. | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | વાદી સાહેદ નિરવકુમાર હમીરભાઈ વિસાણાનું સરતપાસનું સોગંદનામુ | ૧૦ |
| ૨. | દાવો દાખલ કરવામાટેનો પરવાનગીનો જાવક | ૧૩ |
| ૩. | દાવો દાખલ કરવાની પરવાનગી | ૧૪ |
| ૪. | ગેટપાસ | ૧૫ |
| ૫. | પ્રફોર્મા–૧૫ | ૧૬ |
| ૬. | દાવાની રકમનું ગણતરી પત્રક | ૧૭ |
| ૭. | પેન્ડીંગ યુનીટનું વીજ બીલ | ૧૮ |
| ૮. | લેઝર | ૧૯ |
| ૯. | લીગલ નોટીસ | ૨૦ |
| ૧૦. | પરત આવેલ બંધ કવર | ૨૧ |

| | | |
|---|---|---|
| ૧૧. | લીગલ નોટીસ(પેન્ડીંગ યુનીટની) | ૨૨ |
| ૧૨. | એકનોલેઝમેન્ટ પરત આવેલ બંધ કવર | ૨૩ |
| ૧૩. | પેન્ડીંગ યુનીટનું બીલ ભરવાની યાદી | ૨૪ |
| ૧૪. | સ્થળ રોજકામ | ૨૫ |
| ૧૫. | પ્રફોર્મા–૧૨ | ૨૬ |

બાદ આ કામે આંક : ૨૭ થી વાદી તરફે કલોઝીંગ રજુ રાખવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળી. સદર કામ પ્રતિવાદી તરફે એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય પ્રતિવાદી હાજર રહેતા ન હોય,પ્રતિવાદી તરફે દલીલ સાંભળી શકાયેલ નથી.

**(૭)** દાવાના કામે ઘડવામાં આવેલ મુદદાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદદા નંબર : ૧ થી ૫ ની હકિકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

**:: કા ર ણો ( મુદદા નંબર : ૧ થી ૫ સબબ સંયુકત ) ::**

(૭.૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીની રહે છે. આ કામે વાદી તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે જેઓએ આ કામે સી.પી.સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસ રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે. તેમજ સદર સાહેદની પ્રતિવાદી તરફે ઉલટ તપાસ થયેલ નથી તે સંજોગોમાં વાદી તરફે રજુ મૌખિક પુરાવો ન માનવાને કોઈ કારણ રહેલ નથી. વધુમાં વાદી તરફે પુરાવાથી રજુ દસ્તાવેજોને સમર્થન મળેલ છે. વધુમાં આ કામના પ્ર તિવાદીએ હાજર રહી તેઓનો બચાવ કરેલો નથી. જેથી તે હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૨) આ કામના વાદી ધ્વારા તેઓની દાવા અરજી તથા સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી બાકી નીકળતી રકમ રૂા.૫૬,૪૯૮–૬૯ પૈસા મેળવવા માટે દાવો કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ તેઓ ધ્વારા તે જ રકમ માટે નોટિસ આપેલ હોવાની હકીકત પણ જણાવવામાં આવેલ છે. જયારે આ કામે વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો પૈકી આંક–૧૮ થી પ્રતિવાદીને આપવામાં આવેલ બીલ રજુ રાખવામાં આવેલ છે તેમાં બીલની રકમ રૂા.૪૩,૩૪૧–૦૯ પૈસા દર્શાવવામાં આવેલ છે. તેમજ આંક–૨૨ થી રજુ રાખવામાં આવેલ નોટીસ ધ્યાને લેવામાં આવે તો તેમાં લેણી નીકળતી રકમ રૂા.૪૩,૩૪૧–૦૯ દર્શાવવામાં આવેલ છે. તેમજ આંક–૨૪ વાળી નોટીસ ધ્યાને લેવામાં આવે તો બીલની રકમ રૂા.૪૩,૩૪૧–૦૯ પૈસા દર્શાવવામાં આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૪૩,૩૪૧–૦૯ પૈસા માંગતા હોવાની હકીકત હકીકત પુરવાર કરી શકેલા હોય, સબબ મુદદા નંબર : ૧,૨ નો જવાબ હકારમા ઠરાવેલ છે.

(૭.૩) આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૫ ના દરે વ્યાજની માં ગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ

એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પ્રતિવાદી પાસેથી કરાર થયલ હોય તો અને તો જ તેઓ ૧૫% વ્યાજ સહીત તે રકમ વસુલાત મેળવી શકે છે. જો તે માટે કોઈ આધારની જરૂરીયાત હોય, તો અત્રેની અદાલત નામ. SYNDICATE BANK, CHENNAI V/S MOHAN BROTHERS reported in **2004 (10) SCC 549** Supreme Court held that where the contractual rate of interest is mentioned, court can grant as per the terms and condition fixed between the parties. આમ, ઉપરોકત સંજોગો ધ્યાને લેવામાં આવે તો આ કામે પક્ષકારો વચ્ચે કોઈ જ કરાર થયેલ નથી. જે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર ૧૫% વ્યાજ મેળવવા હકદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગરતો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ધ્યાને લેતા વાદી સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ ૧૫ ટકાના દરે વ્યાજ અતિશયોકિત ભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી કામચલાઉ આકારણી બીલની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. તે સંજોગોમાં મુદદા નંબર : ૩, ૪ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી તથા મુદદા નંબર : ૫ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી રકમ રૂ.૪૩,૩૪૧-૦૯ પૈસા (અંકે રૂપિયા તેતાલીસ હજાર ત્રણસો એકતાલીસ અને નવ પૈસા પુરા) વાર્ષિક ૬ ટકાના દરે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનુ તથા વાદી સંસ્થાના દાવાનું ખર્ચ ભોગવવુ.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૦૧ લી માહે મે સને ૨૦૨૬ ના રોજ મારા સહી-સિકકા કરી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૦૧-૦૫-૨૦૨૬

(ચેતન હરેશકુમાર માંડલિયા)
મુખ્ય સીવીલ જજ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮